જન્મદિને વધામણી

અમૃતલાલ સી કાપડિયા

ભારતીબેન જગદીશચંદ્ર પ્રજાપતિ
મો. ૯૭૨૬૪ ૩૫૦૦૨

કમલેશ ત્રિલોકસિંહ ખનાયત
મો. ૯૭૨૩૪ ૯૬૧૪૮

દિર્ગવી વિપુલભાઈ પટેલ
મારૂતિ મંડપ ગ્રુપ
મો. ૯૮૯૮૬ ૫૨૫૧૩

દિલીપભાઈ જી બારોટ
મો. ૯૬૦૧૨ ૯૯૪૮૦

દેવલ પ્રજાપતિ

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૨
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (ડી હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (ડી અંગ્રેજી)
૮.૦૦

સ્ક્રીન-૪
ધ ફ્લૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફ્લૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦

સ્ક્રીન-૫
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

ગાંધીનગરમાં ગણતંત્ર દિવસની ગરવી ઉજવણી

શ્રી જયપ્રકાશ વિદ્યાલય

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે માધ્યમિક શિક્ષણ બૉર્ડના સંયુક્ત નિયામક ભાનુપ્રસાદ રાજગોરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ભારતના બંધારણ અને નાગરિકોની ફરજો અંગે માહિતી આપી હતી. ઈનામ વિતરણ કાર્યક્રમમાં માધ્યમિક શિક્ષક શરાફી મંડળીના મૅનેજર બિપીનસિંહ વાઘેલા, રમણસિંહ વાઘેલા, ઝવેરભાઈ દેસાઈ, ભીખાભાઈ ચૌધરી, પરેશભાઈ ચૌધરી, જિજ્ઞેશભાઈ પટેલ તથા જગદીશભાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ માટે રાકેશભાઈએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, શરદભાઈ પટેલે આભાર દર્શન કર્યું હતું તથા શંકરસિંહ વિહોલ અને સુનિલભાઈ ગોસ્વામીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

સિધ્ધાર્થ લૉ કૉલેજ

સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધ્વજવંદન સાથે દેશભક્તિ ગીતો, શૌર્યગીતો, મિમિક્રી જેવી કૃતિઓનું સુંદર પ્રદર્શન કર્યું હતું. ગુજરાત હાઈકૉર્ટના ઍડવોકેટ ભરતભાઈ વ્યાસ આ પ્રસંગે અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ગણતંત્ર દિવસનું મહત્ત્વ સમજાવી વિદ્યાર્થીઓને દેશના વિકાસ અર્થે આગળ આવવા હાકલ કરી હતી. આચાર્ય ડૉ. દિલીપ મેવાડાએ આભાર દર્શન કર્યું હતું.

સરકારી વિનયન કોલેજ

સરકારી વિનયન કૉલેજ ખાતે આચાર્ય ડૉ. કે કે વૈષ્ણવ દ્વારા ધ્વજવંદન અને પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે ભારતના નાગરિક તરીકેની મૂળભૂત ફરજોનું પાલન નિષ્ઠાપૂર્વક થાય તે બાબત પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે કૉલેજમાંથી સેવા નિવૃત્ત પ્રાધ્યાપકોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આદિવાડા પ્રાથમિક શાળા

આદિવાડાની સરકારી પ્રાથમિક શાળા ખાતે આપણું ફાઉન્ડેશનના સૌજન્યથી ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગામની સૌથી વધુ ભણેલી દીકરી પ્રિયંકા નરેન્દ્રસિંહ ચૌહાણના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું, ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ખેલ મહાકુંભમાં વિજેતા થનારા ૧૪ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૦ હજારના રોકડ ઈનામો આ પ્રસંગે એનાયત કરવામાં આવ્યાં હતાં. શાળાની દિવ્યાંગ વિદ્યાર્થીની કુ. દિવ્યા સુનીલભાઈ દંતાણીનું ખેલ મહાકુંભ ૨૦૧૬માં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. એપ્રિલ ૨૦૧૬થી જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન ગામમાં જન્મેલી ૨૧ બાળાઓનું સ્વાગત અને તેમની માતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઍસઍમસીનાં ઉપાધ્યક્ષ જનકબા બિહોલાએ શાળાનાં બાળકો માટે ૧૬ નંગ સાંસ્કૃતિક પહેરવેશ અને ૨૪ નંગ ટ્રૅકસૂટની ભેટ ધરી હતી.

નગરસેવક હર્ષાબા ધાંધલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે બાળકોને ચૉકલેટ અને નાસ્તો આપવામાં આવ્યો હતો.

આરાધના વિદ્યાવિહાર

આરાધના વિદ્યાવિહાર ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે ઍનઆરઆઈ નટુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળા તથા બીઍડ કૉલેજના ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રસંગે ગીત, સંગીત, અભિનયથી સભર સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી.

માઉન્ટ કાર્મેલ સ્કૂલ

સેક્ટર-૨૧, સ્થિત માઉન્ટ કાર્મેલ શાળા ખાતે મુખ્ય મહેમાન લાયન્સ કલબના પ્રેસિડેન્ટ નિમેષભાઈ રાવલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિગીત અને નૃત્ય રજૂ કરવામાં આવ્યાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા મંજુ બલરાજે કર્યું હતું. આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ ગણતંત્ર દિવસની ઉજવણી સફળતાપૂર્વક સંપન્ન થઈ.

શ્રી જે બી પ્રાઇમરી સ્કૂલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા અને બીસીએ કૉલેજના સંચાલનમાં આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં સંસ્થાનાં દાતા પ્રભાવતીબેન બી પટેલના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ ડી પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સ્વચ્છતા અને દેશભક્તિને રાષ્ટ્રીય ફરજો ગણી માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ભાવના વ્યક્ત કરી હતી. સંસ્થા સંચાલિત સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓએ રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કરી સૌને મનોરંજન પૂરું પાડ્યું હતું. અધ્યાપકો, નાગરિકો, વિદ્યાર્થીઓ મળી ૪૫૦૦થી વધુ દેશભક્તોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ઓમકાર ઇન્ટરનેશનલ સ્કૂલ

લેકાવાડા ખાતે સ્થિત ઓમકાર ઇન્ટરનૅશનલ સ્કૂલ અને જૈન સોશિયલ ગ્રુપ દ્વારા સંયુક્ત રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગ્રૂપના પ્રમુખ પારસભાઈ સંઘવી, મંત્રી કૌશિકભાઈ શાહ, કારોબારી સભ્યો સપરિવાર ઉપસ્થિત રહ્યા હતા. સ્કૂલ દ્વારા વાલી રમતોત્સવ તથા વિદ્યાર્થીઓના વિવિધ સ્ટોલ્સનું આયોજન આ પ્રસંગે સ્કૂલ દ્વારા કરવામાં આવ્યું હતું. રમતોત્સવ દરમિયાન સ્કૂલના વિદ્યાર્થીઓ અને જેઍસજીના સભ્યોએ સ્વયંસેવક તરીકેની ફરજ અદા કરી હતી.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ

સત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત સર્વ શૈક્ષણિક સંકુલો વતી શ્રી સ્વામીનારાયણ પબ્લિક સ્કૂલ દ્વારા ૬૮મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી શાળાના પટાંગણમાં કરવામાં આવી હતી. મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીના હસ્તે ધ્વજ વંદન કરાવવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, જેમાં અંગદાનનું મહત્ત્વ દર્શાવતી સંસ્કૃત નાટિકા સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

યુથ હોસ્ટેલ

ગાંધીનગર યુથ હૉસ્ટેલ ખાતે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ધ્વજ વંદન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુથ હૉસ્ટેલના રૅક્ટર રજનીકાન્ત સુધાર, યુવા દિશા કેન્દ્રના પ્રમુખ સંજીવ મહેતા તથા અમેરિકન ગુજરાતી સમાજના પ્રમુખ ડૉ. વાસુદેવ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સરસ્વતી વિદ્યાલય

સૅક્ટર-૬ ખાતે કાર્યરત સરસ્વતી વિદ્યાલય ખાતે આયોજિત ગણતંત્ર દિવસની ઉજવણીમાં અતિથિ તરીકે શહેર કૉંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ પટેલ, અતિથિવિશેષ તરીકે પ્રદીપસિંહ બિહોલા, અલકાબેન પટેલ, સુરેશભાઈ પટેલ અને આમંત્રિત મહેમાન તરીકે નગરસેવક રાકેશભાઈ પટેલ, જયરાજસિંહ વાઘેલા, હિરલબેન જોષી, ઊર્મિલાબેન વર્મા, પિન્કીબેન પટેલ, જીતુભાઈ રાયકા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શાળાની પૂર્વ વિદ્યાર્થીની હિમાંશી દરજીએ પોતાના શાળાકાળ દરમિયાનના અનુભવો વ્યક્ત કર્યા હતા. શિક્ષક મફતભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

મેજિક હેટ પ્રિ સ્કૂલ

મૅજિક હૅટ પ્રિ સ્કૂલ, સૅક્ટર-૨૯ ખાતે ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વતંત્રતાસેનાનીઓની વેશભૂષામાં સજ્જ થઈને ભૂલકાઓએ સુંદર દૃશ્યોનું સર્જન કર્યું હતું.

સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૬

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ખાતે શાળાની પૂર્વ વિદ્યાર્થીની અને હાલ તલાટી તરીકે ફરજરત ઊર્મિલા ચતુરભાઈ સોલંકીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સૅક્ટરની એક દીકરીવાળી માતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું, એક વર્ષ દરમિયાન જન્મેલી દીકરીઓને આવકાર આપવામાં આવ્યો હતો. આચાર્ય ઈશ્વરભાઈ પટેલ તથા નગનરસેવક રાકેશ પટેલ, મીરાં ભજન મંડળનાં અગ્રણી ઈન્દુમતિ નિમાવત, સ્થાનિક અગ્રણી ડાહ્યાભાઈ પટેલ, કાન્તિભાઈ ગુર્જર ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૬

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૧૬ ખાતે ગુંજ ફાઉન્ડેશનના સૌજન્યથી ગણતંત્ર દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. વિજયસિંહ માજીરાણા તથા પ્રદીપસિંહ બિહોલા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને વ્યસનમુક્ત થવા અને દેશ પ્રતિ ફરજ રૂપે અગ્રેસર રહેવા શીખ આપી હતી.

સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ

સ્વામી વિવેકાનંદ સ્કૂલ, સૅક્ટર-૨૪ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના મુખ્ય મહેમાનપદે ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જેસીસનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધી તથા નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત નશાબંધી સંસ્કાર પરેડની મશાલ પ્રજ્વલિત કરીને કરવામાં આવી હતી. યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવ મહેતાએ નશાબંધી સંસ્કાર પ્રવૃત્તિને બિરદાવી હતી. આ પ્રસંગે આયોજિત ઈનામ વિતરણ કાર્યક્રમમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

સેક્ટર-૮

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઘરઆંગણે કરી હતી. રાધે સ્વીટ્સના વિપુલ સુખડિયા દ્વારા ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. સંજય થોરાતે પોતાની બે વાર્તાઓ આ પ્રસંગે સંભળાવી હતી. કાર્યક્રમમાં પંકજ ગાંધી, રાજેશ પટેલ, સુધાબેન પટેલ, નિકુંજ શુક્લ, આસ્થા ટિફીનના રાજુભાઈ પટેલ, જાણીતા બિલ્ડર જગત કારાણી, પ્રિતી સોનવણે, કિશોર જીકાદરા અને રાજેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

સ્કૂલ ઓફ અચિવર

સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ ખાતે ગણતંત્ર દિવસની ઉજવણીમાં ૩૦૦ કરતાં વધુ પૅરેન્ટ્સની ઉપસ્થિતિ નોંધનીય હતી. ઉપસ્થિત વાલીઓમાંથી ડ્રૉ દ્વારા ચીફ ગેસ્ટ અને ૧૪ ગેસ્ટ ઑફ ઑનરની પસંદગી કરવામાં આવી હતી. ધ્વજવંદન તથા વક્તવ્યની જવાબદારી ચીફ ગેસ્ટ જિજ્ઞેશભાઈ શાહે નિભાવી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા આકર્ષક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સ્પોર્ટ્સ ડેના વિજેતા વિદ્યાર્થીઓને મૅડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્રોટોકોલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન સ્કૂલના વ્યાયામ શિક્ષક મિલનભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ સોલંકી, અલ્પેશસિંહ બારડ તથા મેહુલભાઈ ગજ્જરે ઈવેન્ટ સંયોજક મિલાપભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. કાર્યક્રમના બીજા તબક્કામાં પૅરેન્ટ્સ સ્પોર્ટ્સ ડેનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

નીલકંઠ વિલા

નીલકંઠ વિલા, પેથાપુર ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી સોસાયટીના વડીલ દિલીપભાઈ અને પ્રમુખ જગદીશભાઈ પટેલના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમથી કરવામાં આવી હતી. સોસાયટીના આબાલવૃદ્ધ સૌ કોઈ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને પરસ્પર સૌએ એકમેકને ગણતંત્ર દિવસની મુબારકબાદ પાઠવી હતી. મોં મીઠું કરી સૌએ કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી

ગણતંત્ર દિવસ નિમિત્તે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે કુલપતિ ડૉ જતીન સોની તથા કુલસચિવ ડૉ દિનેશ કાપડિયાના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. યુનિવર્સિટીના પીઢ કર્મચારી સી ડી રાઠોડ ના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. દેશભક્તિના ગીતો તથા અન્ય તળપદી રમતોનું આયોજન યુનિવર્સિટીના કર્મચારીઓ માટે કરવામાં આવ્યું હતું. કુલપતિએ પ્રાસંગિક ઉદબોધન દરમિયાન વ્યક્તિ વિકાસ થકી એક ભારત શ્રેષ્ઠ ભારતની વાત પર ભારમુક્યો હતો. તેમણે યુનિવર્સિટી દ્વારા સ્વાસ્થ્ય શિક્ષણની પહેલ કરવામાં આવી છે જે બાબતે સર્વે ને માહિતગાર કર્યા હતા.

ડાયરેક્ટ સે

પતિ-પત્ની વચ્ચે
જોરદાર ઝઘડો થયો
પતિએ
ગુસ્સે થઈને કહ્યું
જા જા, તારા જેવી તો
૫૦ મળશે.
પત્નીએ હસીને કહ્યું,
શું વાત છે ?
હજુય મારા જેવી જ
જોઈએ છે !!!

હોલી ચાઈલ્ડ સ્કૂલ ખાતે આજે ગુણવંત શાહનું વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

હોલી ચાઈલ્ડ સ્કૂલ, કલોલ ખાતે ગુણવંત શાહના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સ્કૂલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે વૈચારિક સમૃધ્ધિ એ જ ખરા અર્થમાં જીવન સમૃધ્ધિ છે. આપણું હાલનું જીવન આપણા ભૂતકાળના વિચારોથી ઘડાયેલું છે. આપણું આવતીકાલનું જીવન આપણા આજના વિચારો થકી ઘડાવાનું છે.

સદવિચારોના પ્રસારાર્થે સ્કૂલ દ્વારા દર વર્ષે યોજાતા વક્તવ્યના કાર્યક્રમ 'વિચાર સંધ્યા'નું આયોજન આ વર્ષે તા. ૨૮ જાન્યુઆરી ને શનિવારના રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન સ્કૂલ કૅમ્પસ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત 'સુખ નામના પ્રદેશની શોધમાં' વિષયે પદ્મશ્રી ગુણવંત શાહ પોતાનું વક્તવ્ય આપશે.

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં આર ઍન પટેલ પ્રાથમિક સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૨૭

ગાયત્રી શક્તિપીઠ, સૅક્ટર-૧ દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૧૬માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થી મોહિબઅહેમદ બશીરભાઈ અન્સારીએ જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. જ્યારે શાળાના જ ધોરણ-૬ના વિદ્યાર્થી શુભમ ધનંજય પ્રજાપતિએ આ સ્પર્ધામાં દ્વિતિય ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. બંને વિદ્યાર્થીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી છે.

શાળા પરિવાર વતી આચાર્ય દશરથભાઈ પટેલે બંને વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે વાર્ષિક રમતોત્સવ

ગાંધીનગર, તા. ૨૭

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામીણ સંકુલ, રાંધેજા અને રોજગાર પરામર્શ એકમ-રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે ૧૨મો રમતોત્સવ હર્ષઓલ્લાસ સાથે સમ્પન્ન થયો. એમાં ગૂજરાત વિદ્યાપીઠનાં વ્યાયામ શાખાના વિદ્યાર્થિઓ સિવાય રાંધેજા, સાદરા અને અમદાવાદ સુંકુલના બધા જ વિભાગોમાં થી ૧૩૨ બેનો તથા ૧૬૯ ભાઈઓએ ભાગી દારી કરી. ડૉ. જગદીશભાઈ સાંવલિયાની આગેવાનીમાં વ્યાયામ શાખાના વિદ્યાર્થિઓએ રમતગમતની પ્રવૃત્તિઓના સંચાલનની જવાબદારી કુશળતાપૂર્વક નિભાવી. ઉદઘાટન સત્રના સંચાલક ડૉ. સંજયભાઈ મકવાણાએ કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થિઓને ગણતંત્ર દિવસની એતિહાસિક બાબતોથી માહિતગાર કર્યા અને મંચસ્થ મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કર્યુ તથા રમતવીરોને ભાવભીનો આવકાર આપ્યો. મહાદેવ દેસાઈ મહાવિદ્યાલય, રાંધેજાના સંયોજક ડૉ. રાજીવભાઈ પટેલે પોતાના સ્વાગત અને પ્રાસંગિક ઉદ્બોધનમાં કહ્યું કે રમત-ગમત વિદ્યાર્થિઓના વિકાસની પ્રાથમિક જરૂરિયાત છે. એના થકી તેઓનું શારીરિક વિકાસ જ થતું નથી પણ તેમાનાંમા એકાગ્રતા, સામુદાયિકતાની ભાવના અને સાંસ્કૃતિક વિકાસ પ્રત્યેની નિષ્ઠી પણ દૃઢ બને છે જેના પાયા ઉપર તેનો જીવન નિર્માણ થાય છે.

ગૂજરાત વિદ્યાપીઠના આ ખેલ મહાકુંભમાં એથલીટ (૧૦૦,૨૦૦, અને ૪૦૦મીની દોડ), ખો-ખો, કબડ્ડી, ઉંચી કૂદ, લાંબી કૂદ, દોરડા કૂદ, બોલીબોલ, બેડમિંટન, બરછી ફેંક, ગોળા ફેંક અને ટી.ટી. વગેરે રમતોનું સમાવેશ કરવામાં આવ્યુ હતું જેમાં રમતવીરો નવા રિકોર્ડ બનાવી જૂના રિકોર્ડ પણ તોડ્યા હતાં. સામૂહિક રમત બોલીબોલમાં બહનોની સ્પર્ધામાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજાએ બાજી મારી જ્યારે ભાઈઓની આ રમતમાં મ.દે. સમાજ સેવા મહાવિદ્યાલય, અમદાવાદે સફળતા મેળવી હતી. ખો-ખોમાં જીત ઉપર મ.દે. રાંધેજાની બહનોએ પોતાનો ૧૨ બરસનો કબજો કાયમ રાખ્યો હતો. કબડ્ડીમાં મં.દે. સાદરાનાં વિદ્યાર્થિઓએ બેહતર પ્રદર્શન કરી જીત નોંધાવી હતી. એકલ રમતમાં એથલીટ ભાઈઓની ૧૦૦મી.ની રમતમાં ચૌધરી દેવજીભાઈ, ૨૦૦ મી.માં વસાવા કમલેશ એસ. તથા ૪૦૦મી.માં ડામોર ચંદુ ડી.એ પ્રથમ સ્થાન મેળવ્યું હતું જ્યારે બહનોમાં ક્રમશઃ અનિતા દુભાદિયા, જ્યોત્સના અ લક્ષ્મી સૂર્યવંશી પ્રથમ સ્થાન સુરક્ષિત કર્યુ હતું. લાંબી કૂદ, ઉંચી કૂદ, ગોળા ફેંક, બરછી ફેંક તથા ચક ફેંકની મૈદાની રમતોમાં ક્રમશઃ ભાઈઓમાં વાંસિયા શ્રવણ, ડામોર ચંદુ ડી, પટેલ સુજન, જગદીશ માવજીભાઈ તથા બહનોમાં અનિતા દુભાદિયા, મેર શારદા, પટિલ દિપક, લખમા મુનિયા તથા અસ્મિતા દુભાદિયાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ટી.ટી. અને બેડમિંટનની રમતમાં ક્રમશઃ ભાઈઓમાં મકવાણા હાર્દિક, વસાવા દિપક તથા બહનોમાં ઘુડક ક્રિશ્રા અને શર્મા શ્રદ્ધા પ્રથમ સ્થાને રહ્યા હતાં.

સમાપન સમારોહમાં સમસ્ત રમતવીરોને પ્રોસ્સાહિત કરતા ગૂજરાત વિદ્યાપીઠનાં કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ રમતવીરોને તેમની સક્રિય અને ઉત્સાહપૂર્વકની ભાગીદારી બદલ વધાવ્યા અને અદબોધન આપતા કહ્યુ કે રમતમા હાર-જીત કરતાં ભાગીદારી અને ખેલદિલીનો મહત્વ વધારે છે. તેથી બધા રમતવીરો અભિનન્દનના પાત્ર છે. રમત વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેનો અહમ અંગ છે.

રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી અને સમાપન સમારોહના સંચાલક ડૉ. લોકેશ જૈને કહ્યુ કે ગૂજરાત વિદ્યાપીઠની આ દિવસે રમતગમત સ્પર્ધા આયોજનની પરમ્પરા ખરા અર્થમાં ગણતન્ત્ર દિવસની સાર્થકતા સિદ્ધ કરે છે કેમ કે એના થકી એવો યુવા માવન સંસાધન તૈયાર થશે જે રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન કરવામાં સક્ષમ સિદ્ધ થશે. જીતવા વાળા રમતવીરોની સ્પર્ધા અહિં પૂરી થતી નથી તેઓને બેહતર પ્રદર્શન માટે પોતાની જાતને નિખારતા રહેવું પડશે અને એવી માનસિકતા વિકસાવી પડશે

અંતમાં વ્યાયામ વિભાગના પ્રો. પ્રભુભાઈ કાસુન્દ્રાએ સાદરા સંકુલમાં ૨૭.૨.૨૦૧૭ના રોજ આયોજિત થનારી ક્રિકેટ સ્પર્ધા અને વિદ્યાપીઠના ત્રણે સંકુલોમાંથી ભાગ લેનારા ટીમોની ઘોષણા કરી. એક જ ડાળના પંખી અમે સવુ સંઘ ગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતી થઈ હતી.